
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 24 • Dt. 10-03-2025 • Monday • Rs.5-00 • • Page-4

### ગુજરાત સરકારે કરી સત્તાવાર જાહેરાત

# પાટીદાર અનામત આંદોલન સમયના વધુ ૧૬૭ કેસ પરત ખેંચવામાં આવ્યા

## બનાસકાંઠા પાટીદાર સમાજમાં ખુશીનો માહોલ : આંદોલન સમયે ગઢ પંથકમાં બે યુવકોના મૃત્યુ થયા હતા



ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલન સમયના વધુ ૧૬૭ કેસ પરત ખેંચવામાં આવ્યાં છે. પાલનપુરના ગઢ પંથકમાં અનામત આંદોલન સમયે થયેલા ૧૬૭ વ્યક્તિઓ સામેના કેસ પરત ખેંચવામાં આવ્યાં છે. નોંધનિય છે કે સોમવારે ૧૦ માર્ચે લોક અદાલતમાં ચુકાદાની નકલ આપવામાં આવશે, કેસ પરત ખેંચાતા બનાસકાંઠા પાટીદાર સમાજમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આંદોલન સમયે ગઢ પંથકમાં બે યુવકોના મૃત્યુ થયા હતા. પાટીદાર પ્રતિનિધિમંડળે અનેક વખત રાજ્ય સરકારમાં કેસ પરસ ખેંચવા માટે રજૂઆત કરી હતી. પાટીદારોએ મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારમાં આ મુદ્દે રજૂઆત કરી હતી અને આખરે રાજ્ય સરકારે પાટીદારોની આ માંગણીનો સ્વીકાર કરતા પાટીદાર સામેના ૧૬૭ કેસ પરત ખેંચ્યા છે. નોંધનિય છે કે, વર્ષ ૨૦૧૫માં હાર્દિક પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં અનામત આંદોલન ઉગ્ર બન્યું હતું આ સમયે સરકારી સંપત્તિને નુકસાન કરવાથી લઈને અનેક મુદ્દે પાટીદાર આંદોલનકારી સામે પણ કેસ નોંધાયા છે. આ મામલે હજુ પણ અનેક આંદોલનકારી સામે કેસ ચાલી રહ્યાં છે. ત્યારે પાટીદારો સામેના હજુ બાકી કેસ પરત ખેંચવા પણ માંગ ઉઠી છે. પાટીદાર યુવાનો અને મહિલાઓ સામેના કેસ પરત ખેંચવા માગણી કરવામાં આવી છે.

આજે પાટીદાર અનામત આંદોલન સમયના વધુ ૧૬૭ કેસ પરત ખેંચવામાં આવતા આ નિર્ણયને નિર્ણયને પાટીદાર સમાજે આવકાર્યો છે. પાટીદાર સમાજમાં સરકારના આ નિર્ણયને લઈને ખુશીનો માહોલ છે. નોંધનિય છે કે, અગાઉ હાર્દિક પટેલ સામેનો કેસ પણ પરત ખેંચાયો છે.લાલજી પટેલે રાજ્ય સરકારના નિર્ણયને આવકાર્યો છે તેમજ આંદોલન સમયમાં અન્ય કેસ પણ પરત ખેંચવામાં આવે તેવી માંગણી કરી છે. ઉલ્લેખનિય છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૧૫માં સર્વણોને અન્યાય થતો હોવાના મુદ્દા સાથે અનામત મામલે આંદોલન થયું હતું. ૨૦૧૫માં અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડમાં મોટી સંખ્યામાં પાટીદારો આ મુદ્દે એકઠા થયા હતા અને પાટીદારોને અનામત મળે તે માટે માંગણી કરી હતી. આ આંદોલન લાંબા સમય સુધી રાજ્યવ્યાપી ચાલ્યું હતું. આ સમયે હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયા, ચિરાગ પટેલ, કેતન પટેલ સહિતના નેતા અને સમાજના આગેવાનો સામે રાજદ્રોહના કેસ થયા હતા.

### ગુજરાત બાર કાઉન્સિલના વિક્રમી શપથવિધિ સમારોહ

# એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ અમિત શાહને "યુગ પુરુષ" ગણાવ્યા

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટો કાર્યક્રમ અડાલજ ખાતે યોજવામાં આવ્યો હતો

અમદાવાદ

અમદાવાદના અડાલજ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી ૧૭ હજારથી વધુ વકીલો હાજર હતા જેમાંથી ૧૧ હજારથી વધુ લોકો વકીલ તરીકેની શપથ લેવાના હતા પરંતુ તે પેહલા સ્વાગત પ્રવચન આપવા માટે જ્યારે એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ પ્રવચનની શરૂઆત કરી ત્યારે તેમણે અમિત શાહનો પરિચય આપતા કહ્યું કે, અમિત ભાઈ આમતો વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા નથી પરંતુ તેઓ કાયદાની તમામ આંટીઘૂંટીને પી ગયેલા વ્યક્તિ છે.કમલ ત્રિવેદીના આ શબ્દો સાંભળતાની સાથે જ સ્ટેજ પર બેઠેલા તમામ વ્યક્તિઓના ચેહરા પર એક સ્મિત આવ્યું હતું.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટો કાર્યક્રમ અડાલજ ખાતે યોજાયો જેમાં ૧૨ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ના પ્રમુખ મનન મિશ્રા, ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતા ઉપરાંત સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશો,દેશભરની બાર કાઉન્સિલોના પ્રમુખ, ગુજરાત હાઈકોર્ટના સિનિયર વકીલો સહિતના લોકો આ કાર્યક્રમમાં હાજરી રહ્યા, મહત્વનું છે કે, આ કાર્યક્રમના આયોજન માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને જે જે પટેલ લાંબા સમયથી પરિશ્રમ કરી રહ્યા હતા અને આ કાર્યક્રમની શરૂઆતમાં જે જે પટેલે કહ્યું કે માત્ર વકીલો માટે જ નહીં પરંતુ રાજકીય પક્ષો માટે પણ સીધો સંદેશ આપશે કે તમામ વકીલો એક સાથે અને એક મંચ પર છે. મહત્વનું છે એડવોકેટ જનરલે આ કાર્યક્રમનો શ્રેય જે જે પટેલને આપ્યો હતો અને હાજર તમામ લોકોએ આ કાર્યક્રમને વધાવ્યો પણ હતો

### અમદાવાદમાં જાહેરમાં દારૂની મહેફિલ

# ઈસ્કોન બ્રિજ પાસે નબીરાઓએ બેસીને દારૂ પીધો, કાયદાનો કોઈ ડર નથી

અમદાવાદ

અમદાવાદમાં ટ્રાફિકથી ભરચક વિસ્તારમાં જાહેરમાં દારૂની મહેફિલ કરાતા ચકચાર મચી ગઈ છે. નશાના શોખીનોને કાયદાની કોઈ પડી ન હોય તેવા દ્રશ્યો જોવા મળ્યાં છે.

ખુલ્લેઆમ રસ્તા પર નબીરાઓએ નશો કર્યો. ઈસ્કોન બ્રિજ પાસેની એક ખાનગી બિલ્ડિંગની સીડી પર નબીરાઓએ પોલીસ કે કાયદાના કોઈ પણ ડર વગર બેઠા બેઠા દારૂ પીધો હતો. પાંચથી સાત યુવાનોએ દારૂની મહેફિલ માણી હોય અને મ્યુઝિકના તાલે ઝૂમતા યુવાનોનો વીડિયો વાયરલ થયો છે. ત્યારે વીડિયો વાયરલ થતા જ અમદાવાદ પોલીસે એક્શન લીધુ છે.

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પાસેનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસ એક્શનમાં આવી છે. આ વીડિયોમાં દારૂ પીતા તમામ નબીરાઓની ઓળખ થઈ ગઈ છે. સેટેલાઈ પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે.

આરોપી અમિતસિંહ જયેન્દ્રસિંહ ડાભી અને મયુર મકવાણાની ધરપકડ થઈ છે. ૭ માર્ચે દારૂની મહેફિલ થઈ હોવાનો ખુલાસો થયો છે. ઈન્સ્ટાગ્રામમાં સાગરમાફિયા૯૯ નામના એકાઉન્ટ પરથી દારૂની મહેફિલનો વીડિયો પોસ્ટ કરાયો હતો. સાગર પરમારે વીડિયો પોસ્ટ કર્યો હતો. સાગર પરમાર અને પિયુષ મકવાણા વોન્ટેડ છે, જેમની સામે પહેલા પણ ગુના નોંધાઈ ચુક્યા છે.

વીડિયોમાં દેખાયેલા યુવકો

૧. પિયુષ દિનેશભાઈ મકવાણા - સેટેલાઈટ

૨. પ્રકાશ મકવાણા - ઓગણજ

૩. મયુર શાંતિભાઈ મકવાણા - વેજલપુર

૪. મયુર સુરેશભાઈ મકવાણા - જુના વાડજ

૫. નટવર સોલંકી - ઘુમા

૬. અમિત ડાભી - નારણપુરા

૭. સાગર પરમાર (સાગર ડોન) - બોપલ

આ વીડિયો વિશે એન ડિવિઝનના એસીપી એસએમ પટેલે જણાવ્યું કે, ઈસ્કોન શિવાલિક શિલ્પ બિલ્ડિંગ બહાર દારૂની મહેફિલ મામલો હોવાનું સામે આવ્યું છે.

## તંત્રીની કલમે................

# મહિલાઓને કયા કયા ખાસ અધિકારો બંધારણે આપ્યા?


Editor- Nilay H. Mehta

અંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. આ દિવસે સરદાર ગુર્જરી વર્તમાન પત્રના સૌ મહિલા વાચકોને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ તથા શુભકામનાઓ. વર્ષ ૧૯૫૦માં ૨૬ જાન્યુઆરીના રોજ ભારત સરકાર અધિનિયમ એક્ટ (૧૯૩૫)ને હઠાવીને ભારતનું બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું, આ સાથે જ ભારત પૂર્ણ લોકશાહી દેશ બન્યો હતો. બંધારણમાં ઘણા પ્રકારના અધિકારો અને નિયમોની ચર્ચા કરવામાં આવી છે, જેમાં મહિલાઓને પણ ઘણા અધિકાર મળ્યા છે જેના વિશે પૂરતી જાગૃતિનો અભાવ છે. સમાજની દીકરીઓને બંધારણમાં તેમને કેટલા હક મળેલા છે તે અંગે ખબર જ નથી. આ લેખ થકી તેમના અધિકારો અંગે જાગૃતતા લાવવાનો હેતુ છે. બંધારણમાં મહિલા અને પુરુષ બન્નેને એકસમાન અધિકાર મળ્યા છે, પણ દુઃખની વાત એ છે કે સમાજમાં મહિલાને એકસમાન અધિકાર મળતા નથી.

૧. સમાનતાનો અધિકાર-જો વાત વેતન કે મજૂરીની હોય તો લિંગના આધારે કોઈ સાથે ભેદભાવ કરી શકાતો નથી. કોઈ કંપની પુરુષ કે મહિલા જોઈને વેતન નક્કી કરી શકતી નથી, પણ આપણા સમાજમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી માંડીને દરેક ક્ષેત્રે મહિલાને પુરુષ જેટલું વેતન મળતું નથી.

૨. કલમ ૩૫૪-મહિલાઓ સાથે થતી છેડતી કે શોષણ મામલે જ્યારે કાયદાકીય મામલો નોંધાય છે, તો પોલીસ આ મામલાઓમાં આરોપી વિરુદ્ધ ધારા ૩૫૪ અંતર્ગત કેસ દાખલ કરે છે. ★મહિલાઓ ધારા ૩૫૪ અંગે એટલું જાણતી નથી. જો કોઈ વ્યક્તિ મહિલાને ખરાબ નજરે જુએ છે, અથવા તો સોશિયલ મીડિયા પર ખોટી રીતે હેરાન કરે છે, તેમનો પીછો કરે છે તો તેવી વ્યક્તિ વિરુદ્ધ મહિલા કેસ દાખલ કરી શકે છે. મહિલા પાસે એવો અધિકાર પણ છે કે જો કોઈ તેમની પરવાનગી વગર તસવીર ક્યાંક પોસ્ટ કરી દે અથવા તો તેનો દુરુપયોગ કરે તો તેના વિરુદ્ધ કેસ કરી શકે છે.

૩. પૈતૃક સંપતિ પર હક-મહિલાને પૈતૃક સંપત્તિમાં પુરો અધિકાર મળેલો છે. પિતાના મૃત્યુ બાદ તેમની દીકરીને પણ સંપત્તિમાં એટલો ભાગ મળે છે, જેટલો દીકરાને મળે છે. આ અધિકાર લગ્ન બાદ પણ મહિલા પાસે રહે છે. આ અંગે પણ મહિલાઓને વધુ જાણકારી નથી. જે મહિલાને ખબર છે તે હક મેળવવા માગે છે કે નહીં, તે તેના પર નિર્ભર કરે છે. કેમ કે દીકરી હંમેશાં લેવાની નહીં, પણ આપવાની વાત કરતી હોય છે.

૪. તલાક બાદ પત્નીને વળતર-જો કોઈ મહિલા તેના પતિ પાસેથી તલાક લે છે, તો પતિએ તેને ભરણપોષણ આપવું પડે છે. જો મહિલાને પતિ તરફથી ભરણપોષણ મળતું નથી તો તે કેસ કરી શકે છે. આ કેસમાં મહિલાના પતિની સંપત્તિ જપ્ત થઈ શકે છે. પતિની માલિકીની વસ્તુઓને સીલ કરી તેમાંથી ભરણપોષણ આપી શકાય છે.

૫. લિવ-ઈન રિલેશનશિપમાં પ્રૉટેક્શન લૉ-લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલાને ઘરેલું હિંસા કાયદા અંતર્ગત પ્રૉટેક્શનનો હક મળેલો છે. લિવ-ઈન રિલેશનશીપમાં એક મહિલા અને પુરુષના લગ્ન જેવા સંબંધ હોય છે. મહિલા અને પુરુષ બન્ને એક ઘરમાં રહેતા હોય અને જો પુરુષ મહિલાનું શારીરિક કે માનસિક રીતે શોષણ કરે છે તો તેમના વિરુદ્ધ મહિલા ફરિયાદ નોંધાવી શકે છે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


## ST વિભાગની મોટી જાહેરાત

# હોળી-ધૂળેટીના તહેવારોમાં વધારાની ૧૨૦૦ જેટલી બસો દોડાવાશે

ગાંધીનગર

રાજ્યના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું છે. આ તહેવારો દરમ્યાન વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે એમ ગુજરાત એસ.ટી.નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજ્યના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પુરી પાડે દર વર્ષે પુરી પાડે છે. રાજ્યના પંચ મહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજ્યના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જીલ્લામાં સ્થાયી થયેલ હોય તેવા પરિવારો હોળી- ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે. જેથી, નાગરીકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જેવા કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે.

જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે જ્યારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધૂળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ગત વર્ષે ગુજરાત એસ. ટી. દ્વારા ૧૦૦૦ જેટલી બસો દ્વારા ૬૫૦૦ થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન ભણી મોકલવામાં આવેલ. ઉપરાંત ડાકોર રણછોડરાયજી ફૂલડોલોત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩૦૦૦ ટ્રીપોનું દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ **www.gsrtc.in** ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. જેનો રાજ્યના નાગરિકો દ્વારા ખાસ લાભ લેવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

## સુરતની દુઃખદ ઘટના

# દેવામાં ફસાયેલા પરિવારના ૩ સભ્યોનો સામૂહિક આપઘાત



સુરત

સુરતના અમરોલી વિસ્તારમાં સામુહિક આપઘાતની ઘટના સામે આવી છે. જેમાં અમરોલી રોડ પર એન્ટેલિયા ફ્લેટમાં આ ઘટના બની છે. ત્યારે આર્થિક સંકડામણને કારણે ૫૦ વર્ષીય માતા-પિતા અને ૩૦ વર્ષીય પુત્રએ દવા પીને આપઘાત કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈ અમરોલી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ઘરમાંથી સુસાઈડ નોટ પણ મળી આવી છે. સુરતના અમરોલી રોડ પર આવેલા એન્ટિલિયા ફ્લેટમાં રહેતા પરિવારે સામૂહિક આપઘાત કર્યો છે. મૃતકના નામ ભરતભાઈ દિનેશભાઈ સસાંગીયા, વનિતા બેન અને હર્ષ ભરત ભાઈ સસાંગીયા છે. આર્થિક સંકડામણ માં આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. મૃતકોના ઘરમાંથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. ત્રણેય લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવતા મૃત જાહેર કરાયા છે. આમહત્યાની જાણ થતાં સોસાયટીના રહીશોએ તમામને હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં હાજર ડૉક્ટરોની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતાં. પિતા-પુત્ર હીરા ઉદ્યોગમાં જોડાયેલા હતાં. પરંતુ, હીરા ઉદ્યોગમાં આર્થિક મંદીના કારણે આર્થિક સંકડામણનો ભોગ બનવું પડ્યું હતું.

# જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા માટે ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકાશે

અમદાવાદ

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરાયા બાદ વિદ્યાર્થીઓને ૬ માર્ચ સુધીની મુદત અપાઈ હતી. જોકે, હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી હોવાનું જણાતા રાજ્ય પરીક્ષા બોર્ડે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. જે અનુસાર હવે આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ૨૯ માર્ચે પરીક્ષા લેવાશે. ધોરણ-૧થી ૮માં સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેમજ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળામાં ધોરણ-૧માં પ્રવેશ મેળવી ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ શરૂ કરવામાં આવેલી છે. જેમાં ધોરણ-૯થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્યના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીને દર વર્ષે પસંદ કરીને સ્કોલરશીપ આપવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી સ્કોલરશીપ પરીક્ષાને લઈને જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં પરીક્ષા માટેના રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ ૬ માર્ચ સુધી ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ૬ માર્ચ સુધી ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો છે. જે મુજબ હવે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨૯ માર્ચના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે.

## નવસારીમાં મહિલાશક્તિનો મહેરામણ

# ભારતની નારીશક્તિએ દેશના વિકાસની બાગડોર સંભાળી લીધી છે : વડાપ્રધાન




નવસારી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮મી માર્ચ- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવસારીના જલાલપોર તાલુકાના વાંસીબોરસી ખાતે આયોજિત 'લખપતિ દીદી સંમેલનમાં જણાવ્યું કે, પ્રયાગરાજના પવિત્ર મહાકુંભમાં મા ગંગાના આશીર્વાદ મળ્યા અને હવે નવસારીમાં માતૃશક્તિના મહાકુંભમાં લાખો લખપતિ દીદીઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા, આ અવસર તેમના જીવનની ગૌરવભરી ક્ષણ છે. તેમણે લખપતિ દીદીઓને સન્માનિત કરતાં કહ્યુ કે, વાર્ષિક એક લાખ કે તેથી વધુની આવક સાથે મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની છે અને વિકાસમાં ભાગીદાર બની છે. ભારતની નારીશક્તિએ દેશના વિકાસની બાગડોર સંભાળી લીધી છે, પરિણામે વિકસિત ભારત@૨૦૪૭નો સંકલ્પ પૂર્ણ થઈને જ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાંસી-બોરસી ખાતે 'લખપતિ દીદીઓના સન્માન સાથે વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણીમાં સહભાગી થયા હતા. વડાપ્રધાનશ્રીના હસ્તે રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને રૂ.૪૫૦ કરોડની સહાય અર્પણ કરી હતી. લખપતિ દીદીઓને આર્થિક પ્રોત્સાહન આપીને આર્થિક સક્ષમ બનાવવાના હેતુ સાથે અંત્યોદય પરિવારોની સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' તેમજ ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય માટે 'જી-મૈત્રી' યોજનાનું વડાપ્રધાને લોન્ચિંગ પણ કર્યું હતું.

વડાપ્રધાને આ સમારોહ માટેના સભા મંડપમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની સાથે ખૂલ્લી જીપમાં જનમેદની વચ્ચેથી પસાર થતાં લખપતિ દીદીઓનું અભિવાદન ઝીલ્યું હતું. ઉપરાંત, કાર્યક્રમ સ્થળે આયોજિત ૩૩ જિલ્લાના વિશેષ સખી મંડળોના સ્ટોલ પ્રદર્શન અને નવસારી જિલ્લાના વિશેષ રેઈન વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ પ્રદર્શનીની મુલાકાત પણ લીધી હતી. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. (ગ્રામવિકાસ વિભાગ) દ્વારા આયોજિત લખપતિ દીદી સંમેલનમાં ઉપસ્થિત વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની ૧ લાખ મહિલાઓને સંબોધતા વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, લખપતિ દીદી પહેલ એ માત્ર માતાઓ- બહેનોની આવક વધારવાનો પ્રયાસ જ નથી, પરંતુ પરિવાર અને ભાવિ પેઢીઓને મજબૂત બનાવવાનું એક મેગા અભિયાન છે. નારાયણી સમી નારીઓનું સન્માન સમાજ અને દેશના વિકાસનું પ્રથમ પગથિયું હોય છે, ત્યારે દેશ વિમેન લેડ ડેવલપમેન્ટ- મહિલાકેન્દ્રી વિકાસની દિશામાં મક્કમ ગતિથી આગળ વધી રહ્યો છે.

વડાપ્રધાને ગર્વથી કહ્યું કે, મારી જિંદગીના ખાતામાં દેશની કરોડો માતૃશક્તિના આશીર્વાદ જમા થયા છે. કૃપા અને આશીર્વાદથી વિશ્વનો સૌથી વધુ ધનિક હોવાની લાગણી થઈ રહી છે. માતા-બહેનોના આ આશીર્વાદની જમાપૂંજી સતત વધી રહી છે, તેમના આશીર્વાદ મારી સંપત્તિ અને સુરક્ષા કવચ બન્યું છે. ગ્રામીણ બહેનોનું સામાજિક ઉત્થાન થાય, જીવનધોરણ ઊંચું આવે અને આર્થિક રીતે પગભર બને તે માટે ગ્રામીણ વિસ્તારોમાં સ્વસહાય જૂથોની રચના કરી તેને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરીને આર્થિક પગભર કરી લખપતિ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. લખપતિ દીદી પરિવારની પ્રગતિનો આધાર બની રહી છે એમ પણ વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું.

ગાંધીજી કહેતા કે ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે, ત્યારે આ વાસ્તવિકતાને આધુનિક ભારત સાથે જોડીને ગ્રામીણ ભારતનો આત્મા ગ્રામ્ય મહિલાઓમાં વસે છે એમ વડાપ્રધાનશ્રી મોદીએ ગૌરવભેર જણાવ્યું હતું. આ સંદર્ભે તેમણે કહ્યું કે, ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવનાર આ યોજનાએ દેશની લાખો મહિલાઓના જીવનને સશક્ત કર્યું છે.

લખપતિ દીદી યોજનાની શરૂઆતથી આજ સુધીમાં એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી છે અને આગામી પાંચ વર્ષમાં સરકારે ત્રણ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ગુજરાતમાં ૧.૫૦ લાખ લખપતિ દીદી છે અને ગુજરાત સરકારે રાજ્યમાં સ્વસહાય જૂથોની ૧૦ લાખ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું અભિયાન છેડ્યું છે, તે બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળમાં ચિરંજીવી યોજના, કન્યા કેળવણી- બેટી બચાવો, બેટી પઢાઓ, મમતા દિન, કુંવરબાઈનું મામેરૂ, સાત ફેરા સમૂહલગ્ન, અભયમ હેલ્પલાઈન જેવી અનેકવિધ મહિલાલક્ષી યોજનાઓ શરૂ કરી હતી, આ યોજનાઓએ લાખો બહેનોના સર્વાંગી વિકાસનો માર્ગ કંડાર્યો છે. જ્યારે નીતિ અને નિયત સાચી હોય ત્યારે નારી સામર્થ્ય અવશ્ય ઉજાગર થાય છે એ રાહ ગુજરાતે સમગ્ર દેશને ચીંધી છે એમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું.

## બુટલેગરો અને અસામાજીક તત્વોએ દેકારો મચાવ્યો

# ગોપાલકુંજ નજીક હાઈવે પર લુખ્ખા તત્વોનો આતંક

## સ્થાનિક રહીશોએ ગાંભોઈ પોલીસમાં જઈ હલ્લાબોલ કર્યો

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ગોપાલકુંજમાંથી પસાર થતા હાઈવે પર શુક્રવારે બપોરે કેટલાક બુટલેગરો અને અસામાજીક તત્વોએ દેકારો મચાવી પથ્થરમારો કરતાં ૧૦થી વધુ લોકોને ઈજાઓ થઈ હતી. જે અંગે સ્થાનિક રહીશોએ ગાંભોઈ પોલીસમાં જઈ આવા લુખ્ખા તત્વોને સબક શીખવાડવાની માંગ કરી ભારે હલ્લાબોલ કર્યો હતો. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક બુટલેગરો અને અસામાજિક તત્વો પોતાની મનમાની કરીને કાયદાના લીરા ઉડાવી રહ્યા છે. ત્યારે વધુ એક ઘટના હિંમતનગર તાલુકાના ગોપાલકુંજ સ્ટેન્ડ પર બનવા પામી હતી. કેટલાક બુટલેગરો આ વિસ્તારમાં દાદાગીરી કરીને પોતાનો ધંધો કરી રહ્યા છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ છેલ્લા ઘણા સમયથી નારાજગી વ્યકત કરી રહ્યા છે. તેમ છતા સ્થાનિકોની પરવા કર્યા વિના અસામાજીક તત્વોએ શુક્રવારે તેમને નડતરૂપ એવા કેટલાક લોકોને લક્ષ બનાવીને અગમ્ય કારણોસર પથ્થરમારો કરી દેકારો મચાવી દીધો હતો. ત્યારબાદ રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ ટોળાસ્વરૂપે જઈને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ધારદાર રજૂઆત કરીને દેકારો મચાવી દીધો હતો. હવે જોવાનું એ રહે છે કે ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં બેફામ બનેલા આવા તત્વો સામે કેવી કાર્યવાહી થાય છે તે સમય બતાવશે.

# પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર જાહેરાત, ૧૩ એપ્રિલે લેવાશે બિન હથિયારી PSIની લેખિત પરીક્ષા

અમદાવાદ

ગુજરાત પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા તાજેતરમાં જ PSI ની શારીરિક કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે કસોટી પૂર્ણ થતા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલા ઉમેદવારોની વિગતો જાહેર કરી હતી. ત્યારબાદ હવે ભરતી બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાની પણ તારીખ જાહેર કરવામાં આવી છે.

ગુજરાત પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા 'ઠ' પર માહિતી આપવામાં આવી છે કે, 'બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫ (રવિવાર)ના રોજ યોજાશે. પેપર-૧ (૩ કલાક) અને પેપર-૨ (૩ કલાક)ની પરીક્ષા એક જ દિવસે લેવામાં આવશે. વધુ વિગતો ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ લેવી.

# અમદાવાદ એરપોર્ટ ખાતે ઉડાન યાત્રી કાફેનું ઉદ્ઘાટન

અમદાવાદ : કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુના હસ્તે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય **(SVPI)** એરપોર્ટ પર ભારતનું પ્રથમ ખાનગી 'ઉડાન યાત્રી કાફે'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત પણ ઉપસ્થિતિ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાફે દેશના એરપોર્ટ પરનું પ્રથમ ખાનગી કાફે છે. આ પ્રસંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ કહ્યુ કે, મુસાફરોને પોકેટ-ફ્રેન્ડલી દરે સારી ગુણવત્તાયુક્ત ભોજન પ્રદાન કરવા માટે એરપોર્ટ પર 'ઉડાન યાત્રી કાફે'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આનાથી મુસાફરોના મુસાફરીના અનુભવમાં વધારો થશે એટલું જ નહીં પરંતુ દેશના આર્થિક વિકાસને પણ વેગ મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહત્ત્વાકાંક્ષી 'ઉડાન યાત્રી કાફે' યોજના રેલ્વે સ્ટેશનો જેવા પોસાય તેવા ભાવે ચા, કોફી અને નાસ્તો જેવી આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડશે. આવનારા સમયમાં તબક્કાવાર દેશના વિવિધ એરપોર્ટ પર પણ 'ઉડાન યાત્રી કાફે'નો પ્રારંભ થશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશભરના એરપોર્ટ પર મુસાફરોની સુવિધાઓ વધારવાની સરકારની પહેલમાં આ મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન છે. ટર્મિનલ ૧ના ચેક-ઈન હોલમાં સ્થિત 'નવું ઉડાન યાત્રી કાફે મુસાફરોને ૧૦ રૂપિયાથી શરૂ થતા નાસ્તાની સુવિધા પ્રદાન કરશે. 'ઉડાન યાત્રી કાફે'નો ઉદ્દેશ્ય મુસાફરોને એરપોર્ટ પર ભોજન વધુ સસ્તું બનાવવા વાજબી ભાવે ગુણવત્તાયુક્ત ખોરાક પૂરો પાડવાનો છે.

### આકરા તાપમાં શેકાવા થઈ જાવ તૈયાર

# ગુજરાત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવની આગાહી

## સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં કેટલાક જિલ્લામાં ૪૦થી ૪૨ ડિગ્રી તાપમાન થવા વકી



અમદાવાદ

શિયાળો હવે વિદાઈ લઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે ગરમીને લઈ મહત્વની આગાહી કરી છે. રાજ્યમાં ગરમીમાં શેકાવા માટે તૈયાર થઈ જજો. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આવતીકાલથી અમદાવાદ શહેરમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં કેટલાક જિલ્લામાં ૪૦થી ૪૨ ડિગ્રી તાપમાન થવાની સંભાવના છે.

૧૦ માર્ચ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, વલસાડ, દમણ અને હવેલીમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

૧૧મી માર્ચ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર ,રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ ,વડોદરા, સુરત, વલસાડ અને દમણમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

૧૨ માર્ચે બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર અને વલસાડમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આગામી ૩-૪ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના આંતરિક ભાગો અને ઉત્તર ગુજરાતના નજીકના ભાગો અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ૦ સે.ની રેન્જમાં રહેવાની સંભાવના છે. આને કારણે, આ ભાગોમાં ગરમીનું મોજું પ્રવર્તવાની સંભાવના છે. IMD અનુસાર, એક નવો પશ્ચિમી વિક્ષેપ એટલે કે, વેસ્ટર્ન ડિસ્ટબન્સ આવવાનો છે. જેના કારણે ૯ થી ૧૫ માર્ચ દરમિયાન ઘણી જગ્યાએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહીમાં, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

એક તરફ, જો પહાડી રાજ્યોમાં વરસાદ પડશે, તો દિલ્હી-એનસીઆરનું હવામાન ખરાબ થઈ શકે છે. ૧૦ માર્ચે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. આ ઉપરાંત મધ્ય ભારત અને પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં ગરમી રહેશે. ગુજરાતના કચ્છ ક્ષેત્રમાં આજથી ગરમીનો પ્રકોપ શરૂ થશે અને ત્યારબાદ ૯-૧૨ માર્ચ દરમિયાન ગુજરાતના અન્ય ભાગોઅને કોંકણમાં ફેલાશે. આ રીતે, ૯ માર્ચથી નવો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેની અસર બતાવશે.

૯ થી ૧૪ માર્ચ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ પડી શકે છે. હરિયાણા અને પંજાબની વાત કરીએ તો, પંજાબમાં ૧૨-૧૪ માર્ચે, હરિયાણામાં ૧૩ અને ૧૪ માર્ચે, પશ્ચિમ યુપીમાં ૧૪ માર્ચે વરસાદ પડશે.

### ભક્તિ-સેવા-સુરક્ષાનો અદભૂત સમન્વય મળ્યો જોવા

# દ્વારકા તરફ જતા માર્ગો પદયાત્રીઓથી ઉભરાયા

## પદયાત્રીઓની સેવા માટે કેમ્પ ઊભા કરવામાં આવ્યા

દ્વારકા

હોળી-ધૂળેટીના પર્વને લઈને દેવભૂમિ દ્વારકા જગતમંદીરમાં આયોજિત ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારો શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રા કરી રહ્યા છે.

પદયાત્રીઓની સેવા માટે સેવાભાવીકો દ્વારા કેમ્પ ઊભા કરવામાં આવ્યા છે. જેમાં ભક્તિ, સેવા, સુરક્ષાનો અદભૂત સમન્વય જોવા મળી રહ્યો છે. પદયાત્રીઓના કેમ્પમાં જે જગ્યાએ પીવાના પાણીની સુવિધા હોય ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

અકસ્માતો ન સર્જાય અને લોકો સલામત રહે તે માટે ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને આરટીઓ દ્વારા રીફલેક્ટર અને લાઈફ જેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

રોડની સાઈડમાં સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. તેમજ તમામ રસ્તાઓની સાફ સફાઈ અને પ્લાસ્ટિક ઉપાડવાની કામગીરી કરાઈ રહી છે.

લોકોને ગરમીથી રક્ષણ મળી રહે અને લુ ન લાગે તે માટે કેમ્પમાં બેનરો લગાવવામાં આવ્યા છે. આ કેમ્પમાં ફિઝિયોથેરાપીસ્ટથી લઈને મેડિકલની તમામ સુવિધા રાખવામાં આવી છે. જયા પદયાત્રીઓ આરામ કરી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## જામનગરના ૨૬ વર્ષીય યુવકનું હૃદય થંભી જતાં અપમૃત્યુ

જામનગર

જામનગરના મયુર નગર વિસ્તારમાં વધુ એક યુવકને હૃદય રોગનો હુમલો જીવલેણ સાબિત થયો છે. ૨૬ વર્ષના યુવાનનું એકાએક બેશુદ્ધ બની ગયા બાદ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં મયુર નગર શેરી નંબર -૪ માં રહેતા ઈન્દ્રજીતસિંહ મહિપતસિંહ ચુડાસમા નામના ૨૬ વર્ષના યુવકને ગઈકાલે પોતાના ઘેર એકાએક બેશુદ્ધ બની ગયા પછી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કરાયું હતું.

પ્રાથમિક દ્રષ્ટિએ તેનું હૃદય થંભી જવાના કારણે મૃત્યુ થયાનું અનુમાન છે.

જે બનાવ અંગે બળવંતસિંહ માધુભા ચુડાસમાએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એએસઆઈ ફિરોજભાઈ દલ જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગરની મેડિકલ કોલેજમાં રેગિંગ કરનાર ૪ સસ્પેન્ડ કરાયા

ભાવનગર

ભાવનગરની મેડિકલ કોલેજમાં સિનિયર ડોકટરના રુપમાં રહેતા શેતાનોએ જુનિયર ડોકટરનું રેગિંગ કરતા ચકચાર મચી છે. ભાવનગર મેડિકલ કોલેજમાં જુનિયર ડોકટરો સાથે થયેલી રેગીંગની ઘટનાને લઈ વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેના પગલે NSUI પણ મેદાનમાં આવ્યુ હતું. NSUI દ્વારા મેડિકલ કેમ્પસમાં વિદ્યાર્થીઓ સાથે પહોંચીને ડીનની ઓફિસમાં સુત્રોચાર સાથે વિરોધ કર્યો હતા. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તાત્કાલિક કડક પગલા લેવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. જેની કાર્યવાહીના ભાગ રુપે એન્ટી રેગીંગ કમિટીની બેઠકમાં કરવામાં આવી હતી. જેમાં ૪ વિદ્યાર્થીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમજ આ ડોકટરને ઇન્ટર્નશિપ કમ્પ્લીશન સર્ટિફિકેટ પણ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.ભાવનગરની મેડિકલ કોલેજમાં અપહરણ અને રેગિંગથી પીડિતોએ આપવીતી જણાવતા કહ્યું કે રેગિંગ કરનાર ડોક્ટરોએ ૩ જુનિયર ડોકટરને ગાડીમાં બેસાડી ભાવનગરના વિવિધ વિસ્તારમાં ફેરવી અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા. ત્યારબાદ ગાડીમાંથી બહાર કાઢીને ટોટલ ૮ અલગ અલગ લોકોએ અમારી સાથે મારપીટ કરી હતી.અને એ લોકો સતત ગાંજાનું અને સીગારેટનું સેવન કરતા હતા. અમને પણ ગાંજા અને સિગરેટનું સેવન કરવા માટે ફોર્સ કરતા હતા.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).